પત્રક્રમાંક : મઉનશબ / જે / પરીક્ષા /
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા

તારીખ :    / ૧૨ /૨૦૧૭

પ્રતિ,

આચાર્યશ્રી
માધ્યમિક શાળાઓ (તમામ)
ગુજરાત રાજય

વિષય : માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષકોની માહિતી સુધારણા બાબત.

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, રાજયની તમામ રજિસ્ટર્ડ થયેલ ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ, સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને બોર્ડની એસ. એસ. સી. (ધોરણ ૧૦) ની જાહેર પરીક્ષા બાદ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ખાતે જવાબવહીઓ તપાસવાની અગત્યની કામગીરી કરવામાં આવતી હોય છે. બોર્ડને લગતી દરેક કામગીરી માટે શિક્ષકોની ક્ષતિરહિત માહિતી ઉપલબ્ધ બને તે સારૂ માર્ચ ૨૦૧૮ની પરીક્ષાના ફોર્મ્સ **ONLINE** ભરતા પહેલા દરેક શાળાના શિક્ષકોની માહિતી આપના દ્વારા ભરવામાં આવેલ છે. અગાઉના વર્ષોના અનુભવના આધારે જે તે શિક્ષકોના જવાબવહી તપાસવાનાં ઓર્ડર મોકલ્યા બાદ બોર્ડની કચેરી ખાતે શિક્ષકો પોતાનો હોદ્દો તથા લાયકાત, વિષય, વિષય કોડ, માધ્યમમાં ક્ષતિ હોવા અંગે રજૂઆતો કરતા હોય છે.

આ પ્રશ્નના નિરાકરણ માટે આપશ્રીને વિંનતી કરવામાં આવે છે કે, **આપની શાળાના શિક્ષકોની ONLINE ભરેલ માહિતીની પ્રિન્ટમાં કોઈ ક્ષતિ જણાતી હોય, તમોએ સબમીટ કરેલ વિગતની પ્રિન્ટ કોપી કાઢી હશે, તેમાં લાલ અક્ષરથી સુધારો કરી શિક્ષક અને આચાર્યની સહી સાથેની સુધારા દરખાસ્ત** મદદનીશ સચિવ, જે શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, મરાઠા મહોલ્લો, નવાપુરા, વડોદરા ખાતે મોકલી આપવા તમામ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને આથી જણાવવામાં આવે છે. જેથી પરીક્ષણની કામગીરીના ઓર્ડર મળ્યા બાદ કર્મચારીઓન. બોર્ડની કચેરી ખાતે રૂબરૂ આવવાના પ્રસંગો ઉપસ્થિત થાય નહીં..

પરીક્ષાસચિવ
ગુજરાત માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ, વડોદરા

ક્રમાંક : માવિ.ક/પરીક્ષા/૨૦૧૭/૧૧૦૯-૬૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૧૫/૧૨/૨૦૧૭

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા. શાળાઓ તમામ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.